## સુરતની દુર્ઘટનાને પગલે તંત્રની લાલ આંખ




# શહેર-જિલ્લામાં ટ્યુશન ક્લાસિસ પર બે માસનો પ્રતિબંધ

## મેયરે પત્ર લખ્યો પણ તંત્રએ ૧૫ દિવસમાં માત્ર સમિતિની રચના જ કરી

ગાંધીનગર, તા. ૨૫

ગાંધીનગર મેયર રીટાબેન પટેલે પંદર દિવસ અગાઉ શહેરમાં આવેલ શૈક્ષણિક સંકુલો અને અન્ય સંકુલોમાં ફાયર સેફટી તેમજ સેનીટેશનની સુવિધા અંગે તપાસ કરી એક મહિનામાં રિપોર્ટ આપવાની વાત પછી હજુ તંત્રએ માત્ર સમિતિની જ રચના કરી છે પરંતુ તપાસના નામે મીંડુ છે.

આજે જિલ્લા કલેક્ટરની અધ્યક્ષતામાં મળેલ ભરચક પત્રકાર પરિષદમાં તંત્રએ આ વાતનો સ્વીકાર કર્યો હતો કે સમિતિ રચવામાં આવી છે પણ તપાસનો ધમધમાટ હવે શરૂ થશે.

પત્રકાર પરિષદમાં મેયર રીટાબેન પટેલે પણ એકરાર કર્યો હતો કે મેં પત્ર જરૂર લખ્યો છે પણ મુદત પુરી થાય પછી જ સમીક્ષા કરવાની થાય એ વાત પણ એટલી સાચી છે. તેમણે ગેરકાયદે બાંધકામ અંગે પણ નારાજગી વ્યક્ત કરી હતી તેમજ બી.યુ. પરમિશનો પણ આડેધડ અપાતી હોવાનો એકરાર કર્યો હતો.

મેયર અને તંત્રના એકરાર પછી પરિસ્થિતિ પામી ગયેલ જિલ્લા કલેક્ટર એસ.કે. લાંગાએ તમામ તપાસની રોજેરોજ વિગતો જાહેર કરાશે તેવી ખાતરી આપી પરિસ્થિતિ પર કાબુ મેળવી લીધો હતો.

સે. ૬માં સીલ કરાયેલ લાયબ્રેરીના મુદ્દે કમિશ્નર તરફથી ખુલાસો થયો હતો કે બાંહેધરી મળ્યા બાદ આ સીલ ખોલવામાં આવ્યુ હતુ અને જો પુનઃ લાયબ્રેરી તરીકે જ સ્ટોરનો ઉપયોગ થતો હશે તો તે સીલ કરવામાં આવશે.

## શહેર-જિલ્લાના શૈક્ષણિક-વાણિજ્ય સંકુલોમાં તપાસ માટે પાંચ ટીમો બનાવાઈ

### એક તબક્કે કલેક્ટરે પણ મા.શિ. બોર્ડ દ્વારા પૂરી તપાસ વિના મંજૂરી અપાતી હોઈ તેને પણ નોટીસ પાઠવવા સૂચન કર્યું : રહેણાંક વિસ્તારમાં ચાલતી હોસ્ટેલ સામે પગલાં લેવા મેયરની માંગ : જર્જરિત વર્ગખંડો ચિંતાનો મુદ્દો છે તંત્ર સતર્ક રહી કાર્યવાહી કરે તે જરૂરી : પંચાયત પ્રમુખ

ગાંધીનગર, તા. ૨૫

ગાંધીનગર શહેર અને જિલ્લાઓ ફાયર સેફટીના મુદ્દે પાંચ જેટલી જુદી જુદી સમિતિઓની રચના કરી તંત્રએ આજથી જ તપાસનો દોર આરંભી દીધો છે.

ગાંધીનગર શહેરમાં બે ટીમો દ્વારા આ તપાસ કરવામાં આવશે. જેમાં એક ટીમ સેક્ટર- ૧ થી ૧૫માં તપાસ કરશે જ્યારે બીજી ટીમ ૧૬ થી ૩૦ સેક્ટરમાં શૈક્ષણિક તેમજ વાણિજ્ય સંકુલોની તપાસ કરવામાં આવશે. ગુડા દ્વારા ડેવલપ થઈ રહેલ વિસ્તારોમાં તપાસ માટે અલાયદી ટીમ બનાવવામાં આવી છે.

નગરપાલિકા વિસ્તારમાં ચીફ ઓફિસરોના વડપણ હેઠળ તપાસ સમિતિ કાર્યરત થશે જ્યારે ગ્રામ્ય વિસ્તારમાં જિલ્લા વિકાસ અધિકારીશ્રી, નાયબ કલેક્ટર પુરવઠા શાખા તેમજ નાયબ કલેક્ટર જમીન સુધારણાની બનેલી સમિતિ તપાસ કરશે.

જિલ્લા કલેક્ટરશ્રી દ્વારા આજે ફાયરસેફ્ટીના મુદ્દે એક ખાસ જાહેરનામુ પણ પ્રસિદ્ધ કરવામાં આવ્યુ છે.

આજે જિલ્લા કલેક્ટરશ્રીના અધ્યક્ષપદે મળેલ એક વિસ્તૃત બેઠકમાં સુરતની ઘટનાનું પુનરાવર્તન ના થાય તે માટે ગંભીર ચર્ચા વિચારણા એક કલાકથી પણ વધુ સમય સુધી કરાઈ હતી.

આ બેઠકમાં એક તબક્કે શૈક્ષણિક સંકુલોને આડેધડ અપાતી મંજૂરીઓને લઈ માધ્યમિક શિક્ષણ બોર્ડને પણ પૂરી તપાસ વિના મંજૂરી આપવાના મુદ્દે નોટીસ ફટકારવી જોઈએ તેવો મત વ્યક્ત કર્યો હતો.

ગાંધીનગર મેયર રીટાબેન પટેલે પણ રહેણાંક વિસ્તારોમાં ચાલતી હોસ્ટેલોને લઈ નારાજગી વ્યક્ત કરી તંત્રની મિલીભગત હોવાનો ગંભીર આક્ષેપ કર્યો હતો. આવી હોસ્ટેલો સામે પગલાં લેવામાં આવે તેવી પણ તેમણે માંગ કરી હતી. જિલ્લા પંચાયતના પ્રમુખ મંગુબેન શ. પટેલ (ચૌધરી)એ પણ સેનીટેશનનેલઈ તેમજ જર્જરિત વર્ગખંડો ચિંતાનો મુદ્દો છે અને ગંભીર છે તે બાબતે તંત્રે સતર્કતાથી કામગીરી કરવી જોઈએ તેવો આગ્રહ કર્યો હતો.

આ બેઠકમાં મોટાભાગના લોકોએ ગેરકાયદે ચાલતા ટ્યુશન ક્લાસીસને પણ ગ્રાઉન્ડ ફ્લોર સિવાય મંજૂરી કે રજીસ્ટ્રેશન આપવુ જોઈએ નહી તેવો મત વ્યક્ત કર્યો હતો. શહેરમાં ટ્યુશન ક્લાસીસના રજીસ્ટ્રેશન માટેના નિયમો તૈયાર કરવા જોઈએ તેમજ તેની રજીસ્ટ્રેશન ફી પણ રાખવી જોઈએ એટલુ જ નહિ આવી સંસ્થાઓના સમયાંતરે ચેકિંગની વ્યવસ્થા માટે તંત્ર હોવુ જોઈએ તેવો પણ મત વ્યક્ત થયો હતો.

## ગણતરીના કલાકોમાં જ ૪૦ સંકુલો સામે તંત્રએ કાર્યવાહી કરી

ગાંધીનગર, તા. ૨૫

સુરત અગ્નિકાંડ બાદ હરકતમાં આવેલ તંત્ર દ્વારા આજે રજાના દિવસે પણ તપાસનો ધમધમાટ કલેક્ટરની કડક સૂચનાને પગલે આરંભી દેવામાં આવ્યો હતો. સાંજ સુધીમાં મનપા તંત્રએ ૪ ટીમો બનાવી તપાસનો ધમધમાટ શરૂકર્યો હતો અને ૫૧ જેટલા સંકુલોની તપાસ કરી હતી. આજે સર્વેની ટીમ દ્વારા ૧૯ ટ્યુશન ક્લાસની તપાસ કરવામાં આવી હતી અને તમામની પાસે ફાયર એન.ઓ.સી. ના હોવાથી તાત્કાલિક અસરથી બંધ કરાવેલ છે. આ ટીમો દ્વારા ૧૭ જેટલી શૈક્ષણિક સંસ્થાઓ અને હોસ્પિટલોની બિલ્ડીંગમાં પણ તપાસ કરાઈ હતી જેમાં ૬ ને દિન ૭ માં એન.ઓ.સી. લઈ લેવા માટે કડક તાકીદ કરવામાં આવી હોવાનું જાણવા મળેલ છે. ૪ હોટલ, રેસ્ટોરન્ટ અને ગેસ્ટહાઉસમાં પણ તપાસ કરાઈ હતી અને ૪ હોટલ ગેસ્ટહાઉસ રેસ્ટોરન્ટને તાત્કાલિક અસરથી બંધ કરાવવામાં આવેલ છે. ૧ કોમ્પ્લેક્સ/મોલ/સિનેમા ગૃહની તપાસ કરતાં ફાયર એન.ઓ.સી. ન હોવાથી તાત્કાલિક અસરથી બંધ કરાવેલ છે. ૮ જેટલી હોસ્ટેલ જે રહેણાંક વિસ્તારમાં ચાલતી હોવાની તપાસ કરાઈ હતી અને તમામ હોસ્ટેલ સંચાલકોને બે દિવસમાં હોસ્ટેલ ખાલી કરવા કડક સૂચનાઓ અપાઈ હતી. જ્યારે બે લાયબ્રેરીની તપાસમાં ફાયર એન.ઓ.સી. ન હોવાથી તે પણ તાત્કાલિક અસરથી બંધ કરાવવામાં આવેલ છે.



સ્વાગત-અભિવાદન

ગરવી ગુજરાતના ગૌરવ
વિજય અને વિશ્વાસના પ્રતિનિધિ
આપણાં

માનનીય
શ્રી નરેન્દ્રભાઈ મોદી
વડાપ્રધાન

માનનીય
શ્રી અમિતભાઈ શાહ
રાષ્ટ્રિય અધ્યક્ષ, ભાજપ

અભિવાદન કાર્યક્રમ
તા. ૨૬-૫-૨૦૧૯, રવિવાર

એરપોર્ટ પર સ્વાગત
સાંજે ૫.૦૦ કલાકે

જાહેર સભા
સાંજે ૫.૩૦ કલાકે • જે.પી. ચોક, ખાનપુર, અમદાવાદ.

ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ